12 23 (82)

## નિષ્ફળ ગયેલ બોરનો કેસીંગ પાઇપો કાઢવા બાબત.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
પ-પ પાસે, સેકટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
પરિપત્ર નં. મુ.ઇ.(યાં)/નિષ્ફળ બોર/કેસીંગપાઇપ/543
તારીખ :- 8/5/98

### પરિપત્ર

ગુજરાત રાજય તકેદારી આયોગ સ્તરનાં તપાસના એક પ્રકરણમાં આયોગે (૧) નિષ્ફળ ગયેલા બોરની ઉંડાઇ ચકાસણી ચોક્કસ રીતે કરી, જે જગ્યાએ કેસીંગ પાઇપો કાઢવાનું કરકસરયુકત અને તાંત્રિક રીતે શકય હોય ત્યાં કેસીંગ પાઇપો કાઢવા તેમજ (૨) કોઇપણ બોર કરતાં પહેલાં પાણી મળવાની શકયતા છે કે કેમ? તેની સંપૂર્ણ તાંત્રિક ચકાસણી કર્યા બાદ જ બોર કરવાની કાર્યવાહી કરવા સુચન કરેલ હતુ.

ઉકત બાબતે કાળજી પૂર્વકની વિચારણા કરવામાં આવી છે અને આજ્ઞાનુસાર નીચે મુજબની કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

(૧) આરંભ વખતે નિષ્ફળ ગયેલ બોર ભવિષ્યમાં પુનર્જીવિત થઇ શકશે નહિ અને ઉપયોગમાં લઇ શકાશે નહીં, એ મતલબનું ભૂસ્તરશાસ્ત્રી દ્વારા પ્રમાણિત કરવાનું રહેશે.

૨. આ પ્રકારના કાયમી નિષ્ફળ ગયેલા બોરની ઉંડાઇની ચકાસણી/ખરાઇ ચોક્કસ રીતે કરવા જરુરી રોજકામ કરી કેસીંગ પાઇપો કાઢવાનું કરકસરયુકત અને તાંત્રિક રીતે શકય હોય તેવા કિસ્સાઓમાં કેસીંગ પાઇપો કાઢવાની કાર્યવાહી કરવાની રહેશે.

૩. નિષ્ફળ ગયેલા બોરમાંથી કાઢવામાં આવેલ કેસીંગ પાઇપોની નિયમોનુસાર હિસાબ રાખવાનો રહેશે.

૪. નિષ્ફળ ગયેલા બોરમાંથી કાઢેલ પાઇપો ઉપયોગમાં લઇ શકાય તેમ હોય તો ઉપયોગમાં લેવી. અન્યથા હરરાજી કરવાની રહેશે.

૫. બોર કરતાં પહેલાં પાણી મળવાની શકયતા અંગે હાલની ભૂસ્તરશાસ્ત્રી દ્વારા સર્વેક્ષણ કરી બોર કરવાની જગ્યા નક્કી કરવાની કામગીરી

૨/....

2×100

(2)



માં વધુ ચોકસાઇ રાખી બોર નિષ્ફળ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવો અને કરેલ કાર્યવાહીનો ત્રિમાસિક અહેવાલ અચુક મોકલી આપવાનો રહેશે.

( એચ. ટી. પટેલ )
મુખ્ય ઇજનેર (યાંત્રિક)

નકલ રવાના પ્રતિ :-

૧. માનનીય અધ્યક્ષશ્રીના કાર્યકારી સચિવશ્રી, બોર્ડકચેરી, ગાંધીનગર.
૨. માનનીય સભ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, બોર્ડકચેરી, ગાંધીનગર.

નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિ :-

મુખ્ય ઇજનેરશ્રી, ઝોન-૧/૨/૩/ મોનીટરીંગ પ્લાનીંગ/ વડોદરા/અમદાવાદ/ રાજકોટ/ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના પ્રતિ :-

૧. અધિક્ષક જીઓહાઇડ્રોલોજીસ્ટ, બોર્ડકચેરી, ગાંધીનગર.
૨. અધિક્ષક ઇજનેરશ્રી (સર્વે)
૩. કાર્યપાલક ઇજનેરશ્રી (યાંત્રિક) સર્વે
તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારૂ.